# પૂ લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૩૩, સમયસાર ગાથા ૧૩, શ્લોક-૮, તા. ૪-૧૨-૮૭

*આ પ્રવચન પાંચ મિનિટ અને ૧૨ સેકન્ડ પછી ચાલુ થાય છે.*

**આવા આ નવતત્ત્વો**, સમયસાર શાસ્ત્ર તેની ગાથા-૧૩ તેની ટીકા ચાલે છે. ભૂતાર્થનયથી નવતત્ત્વને જાણતા સમ્યગ્દર્શન થાય છે. એ નિયમની ગાથા છે.

**આવા આ નવતત્ત્વો જીવદ્રવ્યના સ્વભાવને છોડીને**, જ્યારે ત્રિકાળી સામાન્ય એકરૂપ સ્વભાવ છે તેને પરિણતિ છોડી દયે છે ત્યારે નવતત્ત્વના ભેદો ઉત્પન્ન થાય છે. **જીવદ્રવ્યના સ્વભાવને છોડીને પોતે** એટલે જીવના વિકારો **અને પર** એટલે વિકારનો હેતુ અજીવ **જેમના કારણ છે**, પોતે કારણ છે પોતાનું ઉપાદાન અને પર અજીવ તેનું નિમિત્ત કારણ છે.

**એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં**, એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં **ભૂતાર્થ છે**, સત્યાર્થ છે. છે અસ્તિ છે. **અને સર્વકાળે અસ્ખલિત**, ત્રણેકાળ. અસ્ખલિત એટલે પોતાના નિજભાવને છોડે નહીં અને નૈમિત્તિકભાવને એક સમયમાત્ર આત્મા ગ્રહણ કરતો નથી. કે નૈમિત્તિકભાવમાં નિમિત્ત પણ થાય નહીં ને ઉપાદાનકારણ ન થાય એવા નૈમિત્તિકભાવને બિલકુલ ગ્રહણ કરતો નથી. કેમકે પોતાના સ્વભાવને છોડે તો તેને ગ્રહણ કરે. પણ કોઇપણ કાળે આત્મા પોતાના સ્વભાવનો ત્યાગ કરતો નથી. સ્વભાવના ત્યાગ વિના નૈમિત્તિકનું ગ્રહણ થઇ શકતું જ નથી

પરમ પરિણામિક શુધ્ધ ચેતના સ્વભાવ જે છે તેને એક સમયમાત્ર પણ તે છોડતો નથી. છોડતો નથી માટે નૈમિત્તિકભાવને ગ્રહણ કરતો નથી એટલે કે તેનું ઉપાદાનકારણ કે નિમિત્તકારણ ભગવાન આત્મા થતો નથી. સર્વકાળે અસ્ખલિત, કોઇપણ કાળે આત્મા પોતાના નિજભાવને છોડતો નથી. અસ્ખલિત એટલે પોતાના સ્વભાવને છોડતો નથી **એવા એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં**, પર્યાયનું લક્ષ છોડીને, પર્યાયને જાણવાનું બંધ કરીને, પરિણામ માત્રથી ભિન્ન, નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી તદ્દન ભિન્ન. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ આત્માના સ્વભાવને લાગુ પડતો નથી. એ જીવના વિશેષ કાર્યોમાં એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય છે. જીવમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ ત્રણકાળમાં એક સમયમાત્ર પણ હોતો નથી. કેમકે પોતાના સ્વભાવને છોડે નહીં તો હવે એ પરિણામને ગ્રહતો નથી.

**માટે સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની**, પરમપરિણામિક સ્વભાવભાવ નિષ્ક્રિય પરમાત્મા એની નજદિક જઇને, **સમીપ જઈને**, અંતરમુખ થઈને **અનુભવ કરવામાં**

**આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.** તેઓ એટલે નવતત્ત્વના નૈમિત્તિક ભેદો એ આત્માના સ્વભાવમાં દેખાતા નથી. અભેદની દષ્ટિમાં ભેદ દેખાતો નથી. માટે ભેદને અભૂતાર્થ, અસત્યાર્થ, અવિદ્યમાન જ કહેવો જોઇએ. **તેથી આ નવે તત્ત્વોમાં**, હવે ટોટલ મારે છે. **તેથી આ નવ તત્ત્વોમાં** એટલે નવે પર્યાયોમાં, નવે પર્યાયો એટલે કે ક્ષણિક ઉપાદાનમાં કે જેને નિમિત્ત સાપેક્ષથી નૈમિત્તિક કહેવામાં આવે છે અને ઉપાદાનની અપેક્ષાએ તેને ક્ષણિક ઉપાદાન કહેવામાં આવે છે. તેને ઉપાદાન પણ કહેવાય અને તેને નૈમિત્તિક પણ કહેવાય. નિમિત્તની અપેક્ષાથી એ પરિણામનું નામ નૈમિત્તિક છે. નિમિત્તથી નિરપેક્ષ જુઓ તો તે ક્ષણિક ઉપાદાન છે. તે ત્રિકાળી ઉપાદાનથી ભિન્ન છે. અને નૈમિત્તિકભાવ પણ ત્રિકાળી ઉપાદાનથી ભિન્ન છે. તેથી આ નવે તત્ત્વોમાં એટલે નવ પ્રકારના પરિણામમાં ક્ષણિક ઉપાદાનમાં કહો કે નિમિત્ત સાપેક્ષ નૈમિત્તિક પર્યાયોમાં કહો.

નવે તત્ત્વોમાં એટલે નવ પ્રકારના પરિણામમાં **ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.** આહાહા ! એટલે નવને ન જોતાં, નવને જાણવાનું જયારે બંધ થાય છે, પર્યાયાર્થિક ચક્ષુ (જ્યારે) સર્વથા બંધ થાય છે ત્યારે એક જીવ જ પ્રકાશમાન છે. એક સામાન્ય ચિન્માત્ર ભગવાન આત્મા દષ્ટિમાં આવે છે, અનુભવમાં આવે છે. આ જુદા જુદા નવ ભેદો દષ્ટિમાં દેખાતા નથી, અવિદ્યમાન છે. **એમ તે**, એમ તે એટલે શુધ્ધાત્મા **એકપણે પ્રકાશતો**, નવપણે નહીં પ્રકાશતો પણ એકપણે પ્રકાશતો. **શુધ્ધનયપણે અનુભવાય છે.** એટલે શુધ્ધનયના વિષયભૂત શુધ્ધાત્મા છે. હું એક જ છું એમ અંતરદષ્ટિથી અનુભવમાં આવે છે.

**અને જે આ અનુભૂતિ**, જે અનુભવાય છે શુધ્ધનયપણે અનુભવાય છે શુધ્ધપણે અનુભવાણો **તે અનુભૂતિ તે આત્મખ્યાતિ જ છે. (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.** અનુભૂતિ તે આત્મખ્યાતિ છે અને આત્મખ્યાતિ તેનું નામ સમ્યગ્દર્શન છે. **આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-બાધા રહિત છે.** આ જે ઉપર કહ્યો હતો ને નિયમ છે. નિયમમાં નિર્બાધ હેતુથી સિદ્ધ થાય તેને નિયમ કહેવામાં આવે. તે આ કથન, આ સર્વ કથન નિર્દોષ છે, બાધા રહિત છે. આહાહા! નવમાંથી એકને જુદો તારવીને શુધ્ધાત્માને ઓળખી લે. નવતત્ત્વથી ભિન્ન છે તેનું શ્રધ્ધાન, નવતત્ત્વથી ભિન્ન જ્ઞાયકનું જ્ઞાન, નવતત્ત્વથી ભિન્ન જ્ઞાયકની એકાગ્રતા, લીનતા, ચારિત્ર, આહાહા! એવી મોક્ષમાર્ગની દશા એકને આશ્રયે પ્રગટ થાય છે.

નવનું લક્ષ છોડે છે ત્યારે નિજભાવને છોડે નહીં અને પરભાવને ગ્રહે નહીં. ક્ષણિક ઉપાદાનને ગ્રહતો નથી અથવા નિમિત્ત સાપેક્ષથી જો તો નૈમિત્તિક નવના ભેદો તેને એક સમયમાત્ર પણ ગ્રહણ કરતો નથી. ગ્રહણ ક્યારે કરે કે પોતાનો અસ્ખલિત સ્વભાવ છોડે તો તો ગ્રહણ કરે પણ સ્વભાવ તો છોડતો નથી એટલે નૈમિત્તિક ભાવનું ગ્રહણ એક સમયમાત્ર પણ

થતું નથી એટલે શ્રધ્ધા-જ્ઞાનમાં નૈમિત્તિકભાવ તે આત્મા છે એમ શ્રધ્ધા-જ્ઞાનમાં આવતું નથી એક શુધ્ધાત્મા જ શ્રધ્ધાજ્ઞાનમાં બિરાજમાન છે. ટીકા પૂરી થઇ.

**ભાવાર્થ- આ નવતત્ત્વોમાં**, જુઓ! આ નવતત્ત્વોમાં તેની મધ્યમાં રહેલો આત્મા છે. નવની મધ્યમાં. **આ નવતત્ત્વોમાં શુધ્ધનયથી જોઈએ તો**, એટલે નવને ન જોતાં એક અંતરમુખ સામાન્ય સ્વભાવને જોઈએ તો, વિશેષને ન જોઇએ તો નવ પ્રકારના વિશેષ, વિકાર, વિભાવ, વિશેષભાવ તેને ન જોઇએ તો એક સામાન્ય ચિન્માત્ર પરમાત્માને જોઇએ તો, **જીવ જ એક ચૈતન્ય ચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઇ રહ્યો છે**, આહાહા! એક શુધ્ધાત્મા જ દેખાય છે. અંતરદષ્ટિથી નવના ભેદો, નિર્વિકલ્પ ધ્યાનમાં બિલકુલ દેખાતા નથી. નવના ભેદો દેખાય છે ત્યાં સુધી આત્માનો અનુભવ થતો નથી ને અનુભવ થતો નથી માટે સમ્યગ્દર્શન થતું નથી

નવના ભેદોને દષ્ટિમાંથી લક્ષમાંથી છોડીને, તેનું જાણવાનું સર્વથા બંધ કરીને, તેનાથી ભિન્ન સામાન્ય ચિન્માત્રને અંતરમુખ થઇને અનુભવતાં, જોતાં તે સમ્યગ્દર્શન થાય છે. આહાહા! એક જીવ જ પ્રકાશમાન પ્રગટ થઇ રહ્યો છે. **તે સિવાય**, એક શુધ્ધાત્મા સિવાય જુદાં જુદાં નવતત્ત્વો કાંઈ દેખાતા નથી. આહાહા! નવના ભેદો બિલકુલ અભેદની દષ્ટિમાં ભેદ દેખાતો નથી.

ઘણા વર્ષો પહેલાંની વાત છે. ગુરુદેવને અપનાવ્યા. શરૂઆતની વાત છે. સવારના બહાર જંગલ જતાં હતાં, રસ્તામાં આવતાં ગુદેવે કહ્યું અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહા! એ આ વાત છે. અભેદની દષ્ટિમાં ભેદ દેખાતો નથી અને ભેદની દષ્ટિમાં અભેદ દેખાતો નથી. ભેદનો આશ્રય કરે તો અભેદ દેખાતો નથી અને અભેદનો આશ્રય કરે તો પર્યાયનો ભેદ દેખાતો નથી.

**નવતત્ત્વો કાંઈ દેખાતા નથી.** આહાહા! કેમકે એકમાં નવનો અભાવ છે. અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. નય વિભાગની અતિ (નાસ્તિ અનેકાંત) છે. સામાન્યસ્વભાવમાં વિશેષની નાસ્તિ છે, અભાવ છે, ત્રણેકાળ. એમ. **જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી**, આ રીતે ઉપર કહ્યું તે રીતે જીવતત્ત્વમાંથી એક શુધ્ધાત્માને જાણે નહીં ત્યાં સુધી, **જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદષ્ટિ છે.** વ્યવહારદષ્ટિ એટલે પર્યાયષ્ટિ છે. પર્યાયદષ્ટિ છે એટલે મિથ્યાદષ્ટિ છે. જુદાં જુદાં નવતત્ત્વોને માને છે. નવતત્ત્વને જાણે છે એમ નહીં. આત્મા આવો પણ છે, આત્મા આવો પણ છે, આત્મા આવો પણ છે, આત્મા આવો પણ છે. એમ આત્માને અનેકરૂપ માને છે.

**જીવ-પુદ્ગલના બંધાર્યાયરૂપ દષ્ટિથી આ પદાર્થો જુદાં જુદાં દેખાય છે; પણ જયારે શુધ્ધનયથી જીવ-પુગલનું નિજ સ્વરૂપ જુદું જુદું જોવામાં આવે**, એટલે બેયના સામાન્યને જોવામાં આવે ત્યારે એ પુણ્ય-પાપ આદિ સાત તત્ત્વો કાંઇપણ વસ્તુ નથી. આહાહા!

સામાન્યની દષ્ટિમાં એ નવતત્ત્વ છે જ નહીંને, અવસ્તુ છે, વસ્તુ નથી. આહાહા! વસ્તુ તો એક છે. ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ તેની દષ્ટિ પડતાં આ જે નવ ભેદો છે તે અવસ્તુ છે. વસ્તુ નથી. **કાંઇપણ વસ્તુ નથી.**

આગળ. **નિમિત્ત-નૈમિત્તિકભાવથી થયા હતા.** એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી તે દેખાતા હતા. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છોડીને એકલા જ્ઞાનાનંદ પરમાત્માની જયાં દષ્ટિ થઈ ત્યાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધ દેખાતો નથી. આહાહા! કેમકે આત્મામાં નથી. **નિમિત્ત-નૈમિત્તિકભાવથી થયા હતા તે નિમિત્ત-નૈમિત્તિકભાવ જયારે મટી ગયો** એટલે કે દષ્ટિમાંથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો. પર્યાયમાં ભલે નિમિત્ત-નૈમિત્તિક રહી જાય. પણ દષ્ટિના વિષયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી જાય છે. છે નહીં. આહાહા!

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હંમેશા પર્યાયની સાથે હોય. દ્રવ્યની સાથે ન હોય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અજીવની પર્યાય અને જીવની પર્યાય સાથે હોય. જીવદ્રવ્યની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન હોય. આહાહા! એટલે જીવના સ્વભાવને પરપદાર્થ નિમિત્ત થતું નથી અને જીવનો સ્વભાવ પરને નિમિત્ત થતો નથી. આહાહા! એ ભજીયાના બટકા થાય તેને ચમચો નિમિત્ત છે, શરીર નિમિત્ત છે પણ તેમાં જ્ઞાયકભાવ નિમિત્ત નથી. આહાહા!

જ્ઞાયકભાવમાં નિમિત્તપણાનો ત્રિકાળ અભાવ છે. નિમિત્તકર્તાપણું જીવદ્રવ્યના સ્વભાવમાં નથી. આહાહા! અને જીવના જ્ઞાનમાં પણ નિમિત્તપણું નથી. જે જ્ઞાયકને હું નિમિત્ત નથી એમ જે જ્ઞાન જાણે છે તે જ્ઞાન પરમાં નિમિત્ત થતું નથી પરજ્ઞેયો જ્ઞાનમાં, આહાહા! નિમિત્ત થઇ જાય છે. ઉલટીદશા થઇ ગઇ. અજ્ઞાનીનો અજ્ઞાનઅંશ તેમાં નિમિત્ત થાય પણ અજ્ઞાનીનો જ્ઞાયકભાવ નિમિત્ત થતો નથી. અને જ્ઞાનીની દષ્ટિ જ્ઞાયકભાવ ઉપર ગઇ તે જ્ઞાનીનો જ્ઞાયકભાવ પણ કર્મના બંધમાં નિમિત્ત નથી અને જ્ઞાયકનું થયેલું જ્ઞાન શુધ્ધોપયોગ એ પણ નિમિત્ત નથી. આહાહા! એવી વસ્તુની સ્થિતિ છે.

તે નિમિત્ત-નૈમિત્તિકભાવ જ્યારે મટી ગયો એટલે દષ્ટિમાંથી છૂટી ગયો. **ત્યારે જીવ-પુદ્ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઇ વસ્તુ (પદાર્થ) સિધ્ધ થઇ શકતી નથી.** આની કોર જીવ દેખાય છે અને આની કોર સામે પુદ્ગલ દેખાય છે. બસ. બીજું કાંઇ વચ્ચેના ભાવો દેખાતા નથી **વસ્તુ તો દ્રવ્ય છે. વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજ ભાવ દ્રવ્યની સાથે જ રહે છે.** પરમપરિણામિકભાવ તે વસ્તુ છે. ઓને અવસ્તુ કહી. નવતત્ત્વને જયારે અવસ્તુ કહીએ, વિશેષ કાર્યને, ત્યારે સામાન્ય શુધ્ધાત્માને વસ્તુ કહેવાય. **વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ** એટલે પરમપારિણામિકભાવ **દ્રવ્યની** એટલે કે આત્માના સ્વભાવની **સાથે જ રહે છે.** એનો કોઇ દિવસ અભાવ ન થાય. નિમિત્ત-નૈમિત્તિકનો અભાવ થાય, સ્વભાવનો અભાવ ન થાય.

**તથા નિમિત્ત-નૈમિત્તિકભાવનો તો અભાવ જ થાય છે.** લ્યો! સ્વભાવનો અભાવ ન થાય ને નિમિત્ત-નૈમિત્તિનો અભાવ થાય છે, **માટે શુધ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.** આહાહા! મહાસિધ્ધાંત! **જયાં સુધી જુદાં જુદાં નવપદાર્થો જાણે, શુધ્ધનયથી આત્માને જાણે નહીં ત્યાં સુધી પર્યાયબુધ્ધિ**, પર્યાયદષ્ટિ, મિથ્યાદષ્ટિ છે. આહાહા! ભાવાર્થ બહુ સારો છે. નિમિત્ત-નૈમિત્તિક મટી ગયો, મટી ગયો એટલે દષ્ટિમાંથી છૂટી ગયો. આહાહા! પરપદાર્થના પરિણમનમાં જીવ નિમિત્ત નથી જ્ઞાયકભાવ. જ્ઞાયકભાવ નિમિત્ત નથી એટલે હું નિમિત્ત નથી. હું નિમિત્તકર્તા નથી, એમ જ્યાં દષ્ટિ થઈ ત્યાં અનુભવ થાય છે. અનુભવ થાય છે તો અનુભવ જ્ઞાનની પર્યાય પણ પરમાં નિમિત્ત થતું નથી ઉલટુ તે પોતાના જ્ઞાનમાં સામો પદાર્થ જ્ઞેયરૂપે નિમિત્ત થાય છે. અજ્ઞાન ટળી જાય છે ને જ્ઞાન પ્રગટ થાય છે એટલે કર્મો ને રાગાદિ જ્ઞાનમાં જ્ઞેયપણે નિમિત્ત થાય છે. પણ રાગ અને કર્મના બંધમાં જ્ઞાયક શુધ્ધાત્મા તો નિમિત્ત નથી પણ જ્ઞાયકઆશ્રિત જ્ઞાનનું પરિણમન થયું એ પણ નિમિત્ત નથી

તો નિમિત્તકર્તા તો કદાચિત અજ્ઞાન હતું તે અજ્ઞાન ટળી ગયું, આહાહા! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છૂટી ગયો ને જ્ઞાતા-જ્ઞેયસંબંધ નવો પ્રગટ થઇ ગયો. બોલો, આ ભાવાર્થ થયો, તેમાંથી કાંઇ પ્રશ્ન કાઢો તો ચર્ચા કરીએ. પછી કળશ લેશું.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિકભાવ મટી ગયો એટલે તેની દષ્ટિ છૂટી ગઇ.

ઉત્તર :- દષ્ટિમાંથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ થઇ ગયો. અસ્થિરતાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહ્યો તો રહ્યો પણ તેનો તે સ્વામી નથી. એનો સ્વામી નથી. તેનો જાણનાર છે. પરમાં પર નિમિત્ત થાય છે. પરમાં પર નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- પરમાં એટલે પરિણામમાં?

ઉત્તર :- પરિણામ પરદ્રવ્ય છે. પોતામાં ઉત્પન્ન થાય તેમાં પર નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- અજીવ નિમિત્ત.

ઉત્તર :- અજીવ નિમિત્ત થાય છે. જૂના કર્મો નિમિત્ત થાય છે. પરભાવમાં પર નિમિત્ત થાય છે. હું નિમિત્ત થતો નથી, મારામાં તે નિમિત્ત થતાં નથી. હું પરિણામને નિમિત્ત થતો નથી. પરિણામ થાય છે તેને હું નિમિત્ત થતો નથી અને તે મને નિમિત્ત થતાં નથી. એટલે અજીવ. અજીવ તો નિમિત્ત પરિણામની સાથે છે. મારી સાથે કયાં સંબંધ છે? મારી સાથે જ્ઞાયકભાવ...

મુમુક્ષુ :- હું નિમિત્ત પણ નથી અને નૈમિત્તિક પણ નથી.

ઉત્તર :- નહીં હું. નૈમિત્તિક પણ નહીંને નિમિત્ત પણ નહીં. એવું છે. હું તો જ્ઞાતા છું. આહાહા! હું નિમિત્ત નથી ત્યાં તો સમ્યગ્દર્શન થઇ જાય છે. હું નિમિત્ત નથી ત્યાં તો સમ્યગ્દર્શન થઇ જાય છે. આહાહા! એટલે હું કર્તા નથી હું તો જ્ઞાતા છું. બસ.

સ્વભાવદષ્ટિથી જોતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખાતો જ નથી. એ તો પર્યાયદષ્ટિથી દેખાય છે, વ્યવહારનયથી દેખાય છે. બાકી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે નહીં. સ્વભાવ અસ્ખલિત છે તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કયાં છે કોઇની સાથે? કશોય સંબંધ નથી? કશોય સંબંધ નથી. 'નાસ્તિ સર્વોઅપિ સંબંધ નાસ્તિ.' આવે છે અંદર કોઇ આવે છે? બહાર છે? (મુમુક્ષુ :- ના, બહાર જ છે.) આવે તો કોઇક દર્શન કરવા આવે. કેટલાક તો જેવા આવતા હોય. અન્યમતિ આવે. આહાહા!

નિમિત્ત નથી, હું હોં! કોઇ કાર્યમાં પર્યાયની એકતાબુધ્ધિ તૂટી જાય. હું નિમિત્ત છું તો પરિણામની સાથે એકતાબુધ્ધિ થાય છે. ભેદજ્ઞાન નથી થતું.

મુમુક્ષુ :- નિમિત્ત નથી તો દ્રવ્યદષ્ટિ થઇ જાય છે.

ઉત્તર :- હું નિમિત્ત નથી તો દ્રવ્યદષ્ટિ થઇ જાય છે. તમારા ભજીયાની વાત ચાલી થોડીકવાર. ભાઇની સાથે. ભજીયાના બટકા થયા તેમાં નિમિત્ત ચમચો કહો, હાથ કહો, આહાહા! પણ સંધ્યાનો જ્ઞાયકભાવ નિમિત્ત નથી. સંધ્યાનું જ્ઞાન પણ નિમિત્ત નથી આહાહા! નિમિત્ત હોય, વિભાવ નિમિત્ત હોય. સ્વભાવ નિમિત્ત ન હોય.

મુમુક્ષુ :- અને સ્વભાવિક જ્ઞાન પણ નિમિત્ત ન હોય.

ઉત્તર :- સ્વભાવિક જ્ઞાન પણ નિમિત્ત નહીં અને સ્વભાવ પણ નિમિત્ત નહીં. આહાહા! કર્મો બંધાય છે એમાં કોઈ નિમિત્ત નથી. જ્ઞાયક પણ નથી અને જ્ઞાયકઆશ્રિત જ્ઞાન થયું તે પણ નિમિત્ત નથી. આહાહા!

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો.

ઉત્તર :- છૂટી ગયો. બસ. જ્ઞાતા થઇ ગયો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટયો એટલે જ્ઞાતા થઇ ગયો. આહાહા!

મુમુક્ષુ :- માન્યતામાં નિમિત્ત બન્યો હતો તે માન્યતા છૂટી ગઇ.

ઉત્તર :- બસ.

આ એક હજાર વર્ષ પહેલાના પગલા છે, હોં! આ જુઓ! આ કમળ છે ચારે બાજુ. ચારે બાજુ કમળ છે અને મોટા પગલા છે.

મુમુક્ષુ :- પોન્નુરમાં છે ને પોન્નુર. પોન્નુરમાં કુંદકુંદાચાર્યના છે તેવા.

ઉત્તર :- હા, એવા પગલા મોટા છે. ભદ્રબાહુસ્વામી અહીંયા ધ્યાનમાં હશે જ, શ્રુતકેવળી. બરાબર છે. .... આહાહા! આપણને અહીંયા બેસવાનો અવસર મળ્યો. સુઅવસર

નવતત્ત્વથી ભિન્ન શુધ્ધાત્મા છે. આહાહા! એ જ જ્ઞાનમાં જણાય છે. પરિણામ જણાતા નથી. પરિણામ ઉપર લક્ષ છે ત્યાં સુધી આત્મા જણાતો નથી. બોલો હવે આગળ વધવું છે? વધશું. આઠ નંબરનો કળશ.

મુમુક્ષુ :- ભાઈ! પરિણામ ઉપર લક્ષ કેમ છે કે પરિણામથી ભિન્ન છું તેમ તેને ખ્યાલમાં આવતું નથી.

ઉત્તર :- એટલે પરિણામ ઉપર લક્ષ છે. પરિણામમાં અહમ થયા કરે છે. પરિણામથી જુદો આત્મા દેખાય જાય તો તો પરિણામનું લક્ષ છૂટી જાય ને પરિણામનું જ્ઞાન થાય. પરિણામનું લક્ષ છૂટી જાય અને પછી અનુભવ થયા પછી પરિણામનું જ્ઞાન થાય. થવા યોગ્ય થાય છે, બસ.

મુમુક્ષુ :- પર્યાયની એકત્વબુધ્ધિ છૂટે ત્યારે તેને થવા યોગ્ય થાય છે તેવું જ્ઞાન થાય છે.

ઉત્તર :- થાય છે, તેવું જ્ઞાન થાય છે. એકત્વબુધ્ધિ છૂટે કયારે? કે પરિણામમાત્રથી હું ભિન્ન છું, અકારક છું, અવેદક છું. આહાહા! પરિણામનો કર્તા તો નથી પણ હું પરિણામનો જ્ઞાતા પણ નથી. આહાહા!

મુમુક્ષુ :- હું તો જ્ઞાતા છું.

ઉત્તર :- જ્ઞાતા છું. જ્ઞાયકનો જ્ઞાતા છું. આહાહા! પરિણામનો કર્તા પણ નથી અને પરિણામનો જ્ઞાતા પણ નથી. આહાહા! જ્ઞાતા છું. આહાહા!

બે જ પ્રકાર છે, ત્રીજો પ્રકાર છે નહીં. કાં તો કર્તાબુધ્ધિમાં અટકે અને કાં પરિણામને જાણવામાં રોકાય જાય.

મુમુક્ષુ :- બેય કર્તા જ છે.

ઉત્તર :- કર્તા જ છે. કર્તાના બે ભેદ આપણે કરીએ એટલું, બાકી તો કર્તા જ છે. એ જાણનાર કયાં છે પરિણામનો? પરિણામને જાણીને તો કર્તાબુધ્ધિ કરે છે. જાણનાર કયાં રહ્યો?

મુમુક્ષુ :- જે જ્ઞાન મને જાણે તે પરિણામને જાણે.

ઉત્તર :- બસ. જે જ્ઞાન મને જાણે તે જ્ઞાનમાં કર્તાબુધ્ધિ છૂટી જાય અને જે જ્ઞાન મને જાણે એ વખતે તે જ્ઞાન પરિણામને જાણતું નથી. આહાહા! તે જ્ઞાન મને જયારે અભેદ થઇને જાણે ત્યારે પરિણામને જાણતું નથી. પછી સવિકલ્પદશામાં આવતાં થવા યોગ્ય થાય છે એમ જ્ઞાન જાણે છે, હું તો જાણતો નથી. આહાહા!

જે જ્ઞાન મને જાણે છે તે જ્ઞાન પરિણામને જાણે છે, હું નહીં. જે જ્ઞાન મને જાણે છે તે જ્ઞાન પરિણામને જાણે છે. હું પરિણામને જાણતો નથી. કેમકે મારામાં ક્રિયાનો અભાવ છે. આહાહા! તેનામાં ક્રિયા થાય છે (તે) મને પણ જાણે છે અને પરને પણ જાણે છે. જાણે તો જાણો. હું તો જ્ઞાતા છું. આહાહા!

મુમુક્ષુ :- હું ક્રિયા નથી. હું તો નિષ્ક્રિય છું.

ઉત્તર:- નિષ્ક્રિય છું, પરમાત્મા છું. આહાહા! એ સહજ જ્ઞાન મને જાણે તે પરને જાણે, બસ.

મુમુક્ષુ :- જ્યારે જ્ઞાનમાં હું જાઉં છું ત્યારે પરિણામ જણાતા નથી.

ઉત્તર :- બિલકુલ નહીં. એક વખત તો પરિણામ(ને જાણવાનું) બંધ થાય છે ત્યારે તો આત્માનું જ્ઞાન થાય છે. ત્યારે તો જ્ઞાન આત્માને જાણે છે. જ્ઞાન પરિણામને જાણે ત્યાં સુધી જ્ઞાન આત્માને ન જાણી શકે. પરિણામને જાણવાનું બંધ કરે ત્યારે જ્ઞાન મને જાણે. પરને જાણવાનું જ્ઞાન બંધ થાય છે ત્યારે એ જ્ઞાન મને જાણે છે. આહાહા!

મુમુક્ષુ :- મને જાણવાની શરત મોટી છે.

ઉત્તર :- પરને જાણવાનું બંધ થાય ત્યારે મને જાણે. એક સાથે બેયને છદ્મસ્થનો ઉપયોગ કયાંથી જાણી શકે? છદ્મસ્થનો ઉપયોગ રાગને જાણે અને આત્માને જાણે એમ ન બને, પહેલાં શરૂઆતમાં.

મુમુક્ષુ :- પછી?

ઉત્તર :- પછી રાગ સંબંધીનું જ્ઞાન થાય છે તેને જાણે છે. રાગને જાણે છે તે ઉપચાર. પછી જ્ઞાનને જાણે છે. શેયાકાર અવસ્થામાં શું છે? કોને જાણે છે? જ્ઞાયકને જાણે છે. આહાહા! જ્ઞાનને જાણે એમ કહેવું એ ભેદ છે બાકી જાણે છે તો જ્ઞાયક જ. જાણનાર જણાય છે એ વાત ટંકોત્કીર્ણ છે. જાણનારો જણાય છે હર સમયે.

એ તો સવિકલ્પદશામાં જ્ઞાન મને જાણતાં પરને જાણે છે, એ દશા સવિકલ્પ છે. બાકી મને જ જાણ્યા કરે છે. આહાહા!

મુમુક્ષુ :- જેની રુચિ છે તેને જ જાણે છે.

ઉત્તર :- તેને જ જાણ્યા કરે છે, બસ!

મુમુક્ષુ :- સવિકલ્પમાં પણ જાણેલાનું શ્રધ્ધાન ચાલુ રહે છે.

ઉત્તર :- લે! શ્રધ્ધાન તો છૂટે જ નહીં.

શ્લોકાર્થ આઠમો. **આ રીતે**, આ રીતે એટલે ઇતી, આ રીતે એટલે ઉપર કહ્યું તે રીતે **નવતત્ત્વોમાં** એટલે નવ પ્રકારના નૈમિત્તિક પરિણામોમાં અથવા નવ પ્રકારના ક્ષણિક ઉપાદાનમાં. **ઘણા કાળથી છૂપાયેલી**, આહાહા! **ઘણા કાળથી છૂપાયેલી આ આત્મજયોતિને**, આત્મજયોતિ તો હતી. અંદર છૂપાયેલી હતી. તિરોભૂત થઇ ગઇ હતી. આહાહા!

નવના પ્રેમમાં પડેલો આત્મા એકને દેખતો નહોતો. નિજપરમાત્માને દેખાતો નહોતો. પરિણામને દેખીને પરિણામમાં આત્મબુધ્ધિ કરતો હતો. એ નવતત્ત્વોમાં ઘણા કાળથી છૂપાયેલી આ આત્મજયોતિને, જ્ઞાયકદેવને, ચિદાનંદપરમાત્માને, દષ્ટાંત :- **જેમ વર્ણોના સમૂહમાં**, અગ્નિમાં સોનું તપાવવા મુકયું હોય અને બ્લુ રંગ, પીળો રંગ અનેક પ્રકારના વર્ણો થાય છે તે **વર્ણોના સમૂહમાં છૂપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ**, એ સુવર્ણ તપાવતા હોય કે પછી સુવર્ણને જયારે બહાર કાઢી લ્યે ત્યાં અનેક પ્રકારના રંગ-બેરંગ દેખાતા નથી. એક સુવર્ણ હાથમાં આવી જાય છે.

**તેમ, જેમ વર્ણોના સમૂહમાં છૂપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ**, આગળથી હવે ફરીથી વાંચીએ. **આ રીત નવતત્ત્વોમાં ઘણા કાળથી છૂપાયેલી આ આત્મજયોતિને શુધ્ધનયથી બહાર કાઢી**, એમ. દષ્ટાંત પૂરો થઇ ગયો. સીધો. આત્મજયોતિને શુધ્ધનયથી એટલે અંતરસન્મુખ થઇને, જ્ઞાયક જ જણાય છે, જાણનાર જણાય છે, ધ્રુવ જણાય છે. આહાહા! બીજું કાંઇ જણાતું નથી શુધ્ધનયનો વિષય એકલો શુધ્ધાત્મા છે. સ્વ-પરપ્રકાશક નથી. સ્વપ્રકાશક છે.

**શુધ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.** શું પ્રગટ કરે? આત્મજયોતિને પ્રગટ કરવામાં આવી છે. **માટે હવે હે ભવ્ય જીવો!** હે લાયક આત્માઓ. **હંમેશાં**, ત્રણેકાળ **આને** એટલે આત્મજયોતિને શુધ્ધાત્માને **અન્યદ્રવ્યોથી** એક **તથા તેમનાથી થતાં નૈમિત્તિકભાવોથી ભિન્ન**, જુઓ! તેમનાથી થતાં નૈમિત્તિકભાવ. આત્માથી નૈમિત્તિકભાવ થતાં નથી. ખુલાસો કરે છે. જે નવતત્ત્વને આપણે નૈમિત્તિક કહ્યા તે નૈમિત્તિકની વાત કરે છે કે, આ આત્મજયોતિને અન્યદ્રવ્યોથી ભિન્ન તથા તેમનાથી એટલે અન્યદ્રવ્યોથી થતાં નૈમિત્તિકભાવોથી ભિન્ન, આહાહા! એટલે અજીવથી ભિન્ન અને અજીવના સંબંધથી થયેલાં જીવના વિકારો, વિશેષભાવો નૈમિત્તિક. નવતત્ત્વો તેનાથી ભિન્ન. આહાહા! નવતત્ત્વોથી આત્મા ભિન્ન છે. આવ્યું કે નહીં?

જયસેનાચાર્યભગવાને કહ્યું ને? નવતત્ત્વથી ભિન્ન. એ જ વાત આવી. **નૈમિત્તિકભાવોથી** એટલે નવતત્ત્વોથી **ભિન્ન, એકરૂપ દેખો.** આહાહા! નવરૂપ ન દેખો. **એકરૂપ દેખો. આ (જયોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્યમત્કારમાત્ર ઉદ્યોતરૂપ છે.** કોઇ પણ પર્યાયનો ઉત્પાદ વ્યય પ્રગટ થાય તેમાં એકલો ધ્રુવ દેખાય છે, બસ. બીજું કાંઈ દેખાતું નથી. વિશેષમાં સામાન્ય દેખાય છે. આહાહા! વિશેષ સામાન્યને પ્રસિધ્ધ કરે છે. વિશેષમાં વિશેષ દેખાતું નથી. વિશેષમાં સામાન્ય ચિન્માત્ર એકરૂપ ભગવાનઆત્મા દેખાય છે. આહાહા! **એકરૂપ ચિત્યમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.** જુઓ! આમાં પણ પરદ્રવ્યથી ભિન્ન અને નૈમિત્તિકભાવોથી ભિન્ન, અને પરદ્રવ્યોથી તથા તેમનાથી, આત્માથી નૈમિત્તિકભાવ નહીં. જુઓ! આમાં ખુલાસો કર્યો છે.

**હંમેશા એને અન્યદ્રવ્યોથી** ભિન્ન અને અન્યદ્રવ્યો અને તેના નિમિત્તથી થતાં નૈમિત્તિકભાવો. એ આપણે ખુલાસો થઇ ગયો છે. કે અજીવ જ નિમિત્ત છે. તેમાં જીવ નિમિત્ત ન હોય. એવા નૈમિત્તિકભાવ, આહાહા! તેનાથી ભિન્ન. નવથી ભિન્ન. અજીવથી ભિન્ન અને અજીવના સંબંધથી જે જીવના વિશેષ ભેદો પડતા હતા, થાતા હતા. વિભાવ, વિકાર વિશેષભાવો તેનાથી પણ જુદો હું છું. આહાહા!

મુમુક્ષુ :- આપ કહો છો ને કે અજીવથી તો નિરપેક્ષ છે,

ઉત્તર :- નિરપેક્ષ છે.

મુમુક્ષુ :- કર્મથી તો નિરપેક્ષ છે પરંતુ કર્મસાપેક્ષ એવા પોતાના પરિણામોથી પણ નિરપેક્ષ છે.

ઉત્તર:- હા, નિરપેક્ષ છે, બસ! તે શુધ્ધનયનો વિષય છે. બસ. એને જો એક વખત તે ઉપાદેય તત્ત્વ છે. તેટલો જ આત્મા છે. **ભાવોથી ભિન્ન, એકરૂપ દેખો**. નૈમિત્તિક તો અનેકરૂપ છે. આત્મા અનેકરૂપ નથી. આત્મા એકરૂપ જ છે તેને દેખો. આદેશ છે. દેખો તમે અત્યારે, એમ કહે છે. ગુફામાં બેસી, આહાહા! નવને ન દેખો. એકને દેખો. દેખાશે, અંતરમાં જો. આહાહા! ભદ્રબાહુ સ્વામી એકને દેખતા હતા. મને જ્ઞાનમાં એક દેખાય છે. આહાહા! એક જ્ઞાયક ચિદાનંદ આત્મા દેખાય છે. બીજું કાંઇ દેખાતું નથી નૈમિત્તિકભાવોથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, નૈમિત્તિકભાવોથી ભિન્ન એક સ્વભાવભાવ અસ્ખલિત એક દેખાય છે. આહાહા! નવ દેખાતા નથી.

**દેખો, આ જયોતિ પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે, 'પ્રતિપદમ એકરૂપમ' પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્યમત્કારમાત્ર ઉદ્યોતમાન છે**. પ્રકાશમાન છે, ઉદ્યોતમાન એટલે પ્રકાશમાન છે. આહાહા! નૈમિત્તિકભાવો નિમિત્તથી ઉત્પન્ન થાય છે, આત્માથી ઉત્પન્ન થતાં નથી એટલે તેને કર્મકૃત કહ્યું.

મુમુક્ષુ :- કર્મોપાધિજનીત.

ઉત્તર :- કર્મોપાધિજનીત. આમાં ચોખ્ખો છે પાઠ. **અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતાં નૈમિત્તિક**, અજીવથી થતાં અજીવ નૈમિત્તિકનો ઉત્પાદક છે.

મુમુક્ષુ :- એટલે તો નવતત્ત્વને અજીવ કીધું.

ઉત્તર :- એટલે અજીવ કીધું, જીવ નથી. આહાહા! પરદ્રવ્ય કહ્યું, અજીવ કહ્યું.

મુમુક્ષુ :- બરાબર કહ્યું છે.

ઉત્તર :- બરાબર કહ્યું છે. અજીવના સંબંધથી ઉત્પન્ન થાય છે માટે અજીવ જ છે. કારણ તેવું કાર્ય. જવપૂર્વક જવ થાય છે. એમ. ખુબી તો એ છે કે જયારે અજીવના સંગે નૈમિત્તિક ઉત્પન્ન થાય છે ત્યારે પણ નૈમિત્તિભાવથી આત્મા જુદો છે. તને દેખાતો નથી. જુદો છે એમ જુદો તું દેખ તો સમ્યગ્દર્શન થશે

નિમિત્તથી ઉત્પન્ન થયેલા નૈમિત્તિભાવો તેનાથી આત્મા જુદો છે એમ તું દેખ. અમને દેખાય છે જુદો. ત્રણેકાળ જુદો છે. નૈમિત્તિકભાવમાં આવ્યો નથી અને નૈમિત્તિભાવથી તદ્ન ભિન્ન છે આત્મા. આહાહા! સર્વથા ભિન્ન છે. એ નૈમિત્તિક શબ્દ વાપર્યો છે. સ્વાભાવિક શબ્દ નથી વાપર્યો. સ્વાભાવિક પર્યાયથી ભિન્ન એમ નહીં. સંવર, નિર્જરા ને મોક્ષ સ્વાભાવિક પર્યાય નથી. આહાહા! શું કહ્યું?

મુમુક્ષુ :- સંવર, નિર્જરા, મોક્ષ સ્વાભાવિક પર્યાય નથી.

ઉત્તર :- નૈમિત્તિક છે. પદ્રવ્ય અજીવના સંગે ઉત્પન્ન થાય છે સદભાવ અને અભાવ. બધામાં નિમિત્તકર્તા છે. ઉપાદાનકર્તા આત્મા નથી. આહાહા! ક્ષણિક ઉપાદાનથી જો તો ત્રિકાળ ઉપાદાન ભિન્ન છે. નૈમિત્તિથી જો તો ત્રિકાળ ઉપાદાન ભિન્ન છે. આહાહા! આવું સ્વરૂપ રહી ગયું છે. કાયમ, હંમેશને માટે. અભવિના આત્માની સાથે પણ આ સ્થિતિ છે.

જ્ઞાયકભાવ ને નૈમિત્તિકભાવ ભિન્ન ભિન્ન છે. સ્વભાવભાવ ને આત્મા અભેદ થાય પણ નૈમિત્તિકભાવની સાથે અભેદ ન થાય.

મુમુક્ષુ :- એનાથી તો ભિન્ન છે.

ઉત્તર :- ભિન્ન છે એનાથી તે અભિન્ન કયાંથી થાય?

મુમુક્ષુ :- સ્વભાવિકભાવ તો પારિણામિકભાવ છે.

ઉત્તર :- પરિણામિક છે.

મુમુક્ષુ :- એની સાથે તો અભેદ છે જ ત્રિકાળ.

ઉત્તર :- ત્રિકાળ અભેદ છે.

સંવર, નિર્જરા ને મોક્ષ નવતત્ત્વમાં લઇ લીધા. નૈમિત્તિક છે. નૈમિત્તિકભાવોથી ભિન્ન, નવતત્ત્વથી ભિન્ન આત્મા છે. આહાહા! ભિન્ન છે તેને અભિન્ન ન જો. ભિન્ન જો.

મુમુક્ષુ :- નવતત્ત્વને આત્માથી ભિન્ન જો. ત્યારે નવતત્ત્વથી જુદો આત્મા દેખાય છે.

ઉત્તર :- જુદો દેખાય છે. આત્માથી નવતત્ત્વ ભિન્ન છે, નવતત્ત્વથી આત્મા ભિન્ન છે. પરસ્પર એક નથી. ભિન્ન ભિન્ન છે બેય. આહાહા! એક સ્વદ્રવ્ય અને એક પરદ્રવ્ય. આહાહા!

મુમુક્ષુ :- સ્વરૂપે જુદાઇ છે.

ઉત્તર :- સ્વરૂપે જુદા.

ભાવાર્થ :- **આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધ વિધ રૂપે દેખાતો હતો**, એટલે કે પર્યાયદષ્ટિથી દેખાતો હતો. હતો તો એકરૂપ. હતો તો? એકરૂપ હતો. **આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધ વિધ** અનેક રૂપે **દેખાતો હતો**, સ્વાંગરૂપે. **તેને શુધ્ધનયે** એટલે અંતરમુખ જ્ઞાને, અતીન્દ્રિયજ્ઞાને એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડયો છે. **તેથી હવે**, હવે એમ. અત્યાર સુધી તો ક્ષમ્ય છે તને જા.

**હવે**, હવે અમે તને કહીએ છીએ ત્યારે **સદા એકાકાર જ અનુભવ કરો**. અનેકાકાર છું એવો અનુભવ છોડો. **પર્યાયબુધ્ધિનું એકાંત ન રાખો-એમ શ્રી ગુરૂઓનો ઉપદેશ છે**. ગુરૂનો નહીં. બધા ગુરૂઓનો, બહુવચન. બધા ગુરૂઓ આમ કહે છે, એમ છે ને બહુવચન. બધા આત્મજ્ઞાની એમ કહે છે કે પરિણામમાત્રથી આત્મા જુદો ભિન્ન છે તેનો અનુભવ કરે. બસ. એ શ્રધ્ધાનો વિષય છે. તેને જ્ઞાનમાં અને શ્રધ્ધામાં લે તો અનુભવ થશે. આહાહા!

મુમુક્ષુ :- સર્વ જિનેન્દ્રોની દિવ્યધ્વનિનો સાર

ઉત્તર :- બધો સાર.

મુમુક્ષુ :- અને જ્ઞાનીઓના સ્વસંવેદનનો સાર એ છે કે આત્મા નવતત્ત્વથી જુદો છે, જ્ઞાતા છે, અકર્તા છે.

નવતત્ત્વથી ભિન્ન છે એટલે તને દેખાશે. અમે તને ગેરંટી આપીએ છીએ કે તને દેખાશે, જો તો ખરો તું. અમે જોઇએ છીએ. અમે જોઇને જ આ શાસ્ત્ર લખ્યા છે. અમે આત્માને નવતત્ત્વથી ભિન્ન જોઇ લીધો છે. જોયો તો છે પણ લખીએ છીએ ત્યારે જોતા જોતા લખીએ છીએ.

મુમુક્ષુ :- જોઈ જોઈને.

ઉત્તર :- અત્યારે પણ અમે જોઇ જોઇને લખીએ છીએ કે નવતત્ત્વથી ભિન્ન આત્મા છે, અમને દેખાય છે. આહાહા!

મુમુક્ષુ :- અમને નવતત્ત્વવાળો આત્મા દેખાતો નથી,

ઉત્તર :- દેખાતો નથી ને. આહાહા!

મુમુક્ષુ :- કેમકે છે નહીં એવો.

ઉત્તર :- છે નહીં એટલે તને દેખાશે. અમે કહીએ છીએ તને, અમે જોઇ લીધો છે અને તને પણ આ રીતે દેખાશે. ભાઈ! આહાહા! પર્યાયવાળો આત્મા છે, પર્યાયવાળો આત્મા છે, પર્યાયનો કર્તા છે. આત્માને પરપદાર્થની સાથે નિમિત્ત-નૈમિત્તિસંબંધ છે એ ભૂલ છે. એક આ મોટી ભૂલ છે.

આત્માને પરપદાર્થની સાથે નિમિત્ત-નૈમિત્તિસંબંધ ન હોય. આત્માના વિશેષને હોય. આત્માની પર્યાયની સાથે પરને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય, આત્માને ન હોય. એ તો ઉપચારથી આત્માને પરની સાથે નિમિત્ત-નૈમિત્તિસંબંધ કહ્યો હોય ત્યાં આત્મા અને આત્માના પરિણામને જુદા પાડવા. તો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બીજાનો બીજાની સાથે થઇ જશે અને આત્મા જુદો દેખાશે. આત્માને પરપદાર્થની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય જ નહીં. થયો જ નથી. થાય તો છૂટે ને?

મુમુક્ષુ :- બરાબર. થાય તો છૂટે ને? થયો જ નથી. છૂટવાની વાત કયાં? બેય પર્યાયની સ્વરૂપથી જ જુદાઇ છે તો થાય કયાંથી?

ઉત્તર :- થાય કયાંથી? નિમિત્ત-નૈમિત્તિસંબંધ આત્માને પરપદાર્થની સાથે ક્યાં છે? આહાહા! 'નાસ્તિ સર્વોઅપિ સંબંધ નાસ્તિ' આહાહા! આત્માને પરની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય, એક સમય તો સૌ સમય થઇ જાય. આત્માના પરિણામને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે અને પરિણામ એક સમયમાં છે. એક સમયના, એટલે બીજા સમયે છૂટી શકે છે. યાદ રાખો એ વાત સૂક્ષ્મ છે.

આત્મા તો ધ્રુવ નિત્ય છે પરમાત્મ પદાર્થ અને પરિણામ તો ક્ષણવર્તી છે, પર્યાય. તો પર્યાયને અજીવની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એક સમય પૂરતો થાય બીજા સમયે છૂટી જાય. તે એક સમયવર્તી છે માટે છૂટે. હવે જો ત્રિકાળી દ્રવ્યને અજીવની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ હોય તો કાયમ રહે, સ્વભાવ થઇ જાય. કેમકે એ તો નિત્ય છે આ. ઓલું અનિત્ય છે એટલે બીજે સમયે છૂટી શકે છે. પર્યાય પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એક સમયવર્તી છે. બીજા સમયે છૂટી જાય. બીજા સમયે સ્વભાવની સન્મુખ થયો તો છૂટી ગયો. પણ આત્માને પરપદાર્થની સાથે એક સમય પૂરતો નિમિત્ત-નૈમિત્તિસંબંધ હોય તો એક સમય તો સવ સમય. નિમિત્તકર્તાનો દોષ આવી જાય. બીજો આત્માને નિમિત્ત અને આત્મા બીજાને નિમિત્ત. તો નિત્ય કર્તાપણાનો દોષ આવે માટે આત્મા પરમાં નિમિત્ત નથી અને પર આત્માને નિમિત્ત થતું નથી

શુધ્ધઆત્મતત્ત્વ-જ્ઞાયકતત્ત્વની વાત ચાલે છે. સામાન્યતત્ત્વ. ઓલું તો આત્મા જ ક્યાં છે? આત્માને પરપદાર્થની સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહેવો તે વ્યવહાર નથી પણ અજ્ઞાન છે, મારી દષ્ટિએ. પર્યાયને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહો, એક સમયવર્તી પર્યાયને.

મુમુક્ષુ :- આપની દષ્ટિ એટલે તીર્થંકરોની દષ્ટિએ.

ઉત્તર :- હા, સત્યદષ્ટિ છે આ. આત્માને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ ન હોય પરદ્રવ્યની સાથે. કર્મના ઉદયમાં આત્મા જોડાતો નથી. આહાહા! અને નવો કર્મ બંધાય તેમાં આત્મા નિમિત્ત નથી. જોડાય તે બીજો અને નિમિત્ત થાય તે બીજો અને ત્રીજો તો જુદો ને જુદો જાણનાર જ્ઞાતા છે જ્ઞાયક. આહાહા! તે બધા ચક્રાવામાં આવતો નથી. તે તો જુદો રહે છે. એ લીધું છે છઠી ગાથામાં. આખો ચક્રાવો લીધો છે. જૂના કર્મનો બંધ થયો છે, તેના ઉદય થાય છે, તેમાં જોડાય છે, શુભાશુભભાવ થાય છે, નવા કર્મ પ્રકૃત્તિના બંધ થાય છે. સમજી ગયા? તોપણ તે તો જુદો ને જુદો રહે છે.

એ જ્ઞાયક કર્મના ઉદયમાં જોડાતો નથી અને જ્ઞાયક નવા કર્મમાં નિમિત્ત થતો નથી. જોડાય તે બીજો અને નિમિત્ત થાય તે બીજો અને ત્રીજો તો જ્ઞાતા એવો ને એવો જ્ઞાયક શુધ્ધાત્મા, આહાહા! જૂનામાં જોડાય નહીં ને નવાને નિમિત્ત થાય નહીં, તે હું છું. જૂનામાં જોડાય નહીં ને નવામાં નિમિત્ત થાય નહીં, તે હું છું. આહાહા! બસ. આ રહસ્ય છે.

મુમુક્ષુ :- બંધાય તે બીજો, નિમિત્ત થાય તે બીજો, જાણનાર ત્રીજો.

ઉત્તર :- ત્રીજો જુદો. આહાહા! જૂના ઉદય થાય છે તેમાં જોડાય છે અને તે જોડાયેલી પર્યાય પરમાં નિમિત્ત થાય છે, એમ ત્રણ પ્રકારથી જુદો જે છે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ તેનાથી સ્વભાવ અમ્બલીત જુદો ને જુદો છે. આહાહા! જૂના કર્મના ઉદયમાં જોડાતો નથી, નવા કર્મના

બંધ થાય છે તેમાં નિમિત્ત થતો નથી. આહાહા! જોડાતો જ નથી. જોડાય તો શુભાશુભભાવે પરિણમે ને? જોડાતો જ નથી.

નિમિત્ત-નૈમિત્તિકસંબંધ સમયવર્તી છે અને પર્યાયની સાથે છે, ત્રિકાળીદ્રવ્ય સાથે નથી. અત્યારે આખું આમ જુદું પડી જાય છે. સ્પષ્ટ. સમજી ગયા?

મુમુક્ષુ :- ત્રિકાળીદ્રવ્યની સાથે...

ઉત્તર :- ત્રિકાળીદ્રવ્ય જોડાય જ નહીં ને.

મુમુક્ષુ :- જોડાય જ નહીં.

ઉત્તર :- કર્મના ઉદયમાં કોણ જોડાય છે? બહિર્મુખ પરિણતિ જોડાય છે. જ્ઞાયકભાવ જોડાતો નથી.

મુમુક્ષુ :- પરિણતિથી આત્મા રહિત છે.

ઉત્તર :- એ તો રહિત છે. તે જોડાવ તો જોડાવ અને પરમાં નિમિત્ત થાવ તો થાવ. હું તો જુદો ને જુદો. આહાહા!

મુમુક્ષુ :- જોડાવાની શકિત પણ નથી અને નિમિત્તની શકિત પણ નથી.

ઉત્તર :- શકિત નથી. ઓહોહો! જાણવાની શકિતથી ભરેલો છે, આવું નાટક થયા કરે છે, બસ. આહાહા! એ જ્યારે એ જ્ઞાન તું મને જાણ તો તારું આ બધું નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છૂટી જશે. આહાહા! આત્માને નિમિત્ત-નૈમિત્તિસંબંધ જૂનાની સાથે નથી, નવાની સાથે પણ નથી. કોઈ કાળે થાય જ નહીં, થયો જ નથી. નિમિત્ત-નૈમિત્તિકસંબંધનો અભાવ છે.

મુમુક્ષુ :- એવો સ્વભાવ છે.

ઉત્તર :- એવો સ્વભાવ છે. નાસ્તિ સર્વોઅપિ સંબંધઃ 'પદ્રવ્ય આત્મતત્ત્વયોહો' એમાં જે કર્તા-કર્મસંબંધ નથી, નિમિત્ત-નૈમિત્તિકસંબંધ નથી અને જ્ઞાતા-જ્ઞેયસંબંધ પણ નથી. જ્ઞાતા-જ્ઞેયસંબંધ છે ને તે પર્યાયની સાથે છે. મારી સાથે નથી. પર્યાયથી રહિત છું હું તો. કેવળજ્ઞાનની પર્યાયથી રહિત આત્મા છે. એ હું છું. આહાહા!

પરની સાથે કર્તા-કર્મસંબંધ નથી, પરની સાથે નિમિત્ત-નૈમિત્તિસંબંધ પણ નથી અને પરની સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ પણ નથી. ખરેખર તો જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ અંદરમાં છે. પરની સાથે કયાં છે? પરની સાથે સંબંધ તોડાવે છે ને? કે આ મારુ જ્ઞેય ને હું જ્ઞાતા એમ કયાં છે? અને ખરેખર તો પર્યાયની સાથે જ્ઞાતા-જ્ઞેય છે ત્રિકાળીદ્રવ્ય નિષ્ક્રિય ની સાથે જ્ઞાતા-જ્ઞેય નથી.

મુમુક્ષુ :- ક્રિયા નથી પછી?

ઉત્તર :- ક્રિયા નથી, હં..

મુમુક્ષુ :- ક્રિયાનો અભાવ છે.

ઉત્તર :- અભાવ છે. એટલે જે જાણવાની ક્રિયા થાય છે એ જ્યારે મને જાણે છે ત્યારે મારામાં અભેદ થાય છે તો હું જાણનાર છું, હું જાણનાર છું એમ આવ્યું. બાકી હું આ પર્યાયમાં આવું નહીં, હોં! આહાહા! એક સમયની જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ તે મને જાણે છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પર્યાયમાં દ્રવ્ય જણાય ખરૂં. આત્મા કયારેય નિષ્ક્રિય તમે દૃષ્ટિનો વિષય લ્યો એટલે તેમાં કોઈ પર્યાય છે નહીં. જાણવાની ક્રિયાનો પણ અભાવ છે. નિષ્ક્રિય કોને કહેવાય?

મુમુક્ષુ :- જેમાં જાણવાની ક્રિયાનો અભાવ છે. અન્ય ક્રિયાનો અભાવ તો છે પણ જાણવાની ક્રિયાનો એમાં અભાવ છે.

ઉત્તર :- એ આવશે. જાણવાની ક્રિયાનો પણ કર્તા આત્મા નથી. ૩૨૦ (ગાથા)માં એમાં છે. જાણવાની ક્રિયાનો પણ કર્તા નથી. આહાહા!

મુમુક્ષુ :- જ્ઞપ્તિક્રિયા તે રૂપે થતો નથી.

ઉત્તર :- તેનો કર્તા નથી. જ્ઞપ્તિક્રિયા થાય છે પણ તેનો આત્મા કર્તા નથી.

મુમુક્ષુ :- જ્ઞપ્તિક્રિયા પણ થવાયોગ્ય થાય છે.

ઉત્તર :- થવાયોગ્ય થાય છે. પર્યાયનો કર્તા પર્યાય છે દ્રવ્ય નથી. આહાહા!

મુમુક્ષુ :- આપે એકવાર કહી દીધું કે કરવાની શકિતનો જ અભાવ છે.

ઉત્તર :- અભાવ છે, બસ. આહાહા! તે નિષ્ક્રિય પરમાત્મા તે હું છું. કર્તાબુધ્ધિ એકદમ છૂટી જાય. છૂટી જાય કર્તાબુધ્ધિ એવી વાત છે. એમ.

મુમુક્ષુ :- છૂટી જ જાય. આ બહુ સરસ વાત, એક સમયની પર્યાયમાં એક સમય પૂરતો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હો, મારી સાથે એક સમય પણ નથી.

ઉત્તર :- ખૂબી એ છે કે એક સમય પૂરતો સંબંધ છે, ત્વરિત છૂટી જાય છે.

મુમુક્ષુ :- છૂટી જાય છે. આ સ્વરૂપ ખ્યાલમાં આવ્યું પછી છૂટી જ જાય ને?

ઉત્તર :- સમજો કે મિથ્યાત્વની પર્યાય થઇ, રાગની થઇ તો એ રાગની પર્યાયનો સંબંધ નિમિત્ત-નૈમિત્તિક બે સમય પૂરતો નથી, એક સમય પૂરતો છે. સમયવર્તી છે ને છૂટે છે. અને ભગવાન આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમય પૂરતો થાય તો તો ખલાસ થઇ જાય. આહાહા!

મુમુક્ષુ :- એની સાથે તો એક સમય પૂરતો પણ નથી.

ઉત્તર :- નથી. અને સમયવર્તીની સાથે છે એ જયાં સુધી આ આત્મભાન નથી ત્યાં સુધી. જયાં આત્માનું ભાન થયું ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો ને જ્ઞાતા-જ્ઞેયના સંબંધમાં આવી ગયો. જ્ઞાતા-જ્ઞેયનો નિશ્ચય થયો ને જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર થયો. શું કહ્યું?

મુમુક્ષુ :- જ્ઞાતા-જ્ઞેયનો નિશ્ચય થયો.

ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિક છૂટ્યો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટ્યો. સમજો, કે રાગની પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો, દષ્ટિ અંદરમાં ગઇ, વીતરાગભાવ પ્રગટ થયો. હૈ? તો જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ અહીંયા થાય ત્યારે વીતરાગભાવ પ્રગટ થાય ને? તો અહીંયા જ્યાં જ્ઞાતા-જ્ઞેયનું અભેદપણું નિશ્ચયથી થયું તો પરની સાથે પણ જ્ઞાતા-જ્ઞેયસંબંધ રહ્યો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ થઇ ગયો.

મુમુક્ષુ :- એ રીતે અભાવ થાય છે.

ઉત્તર :- એ રીતે અભાવ થાય. મારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી ... મારે પરની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય નહીં. હું તો કોણ છું? પરમાત્મા છું. પરમાત્મા નિમિત્ત પણ ન થાય અને બીજાનું નિમિત્ત બને નહીં ને પોતે બીજાનું નિમિત્ત ન થાય

પોતા માટે પર નિમિત્ત નહીં ને બીજા માટે સ્વ નિમિત્ત નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો જ સ્વભાવમાં અભાવ છે, જ્ઞાયકભાવ છે, સામાન્ય. પરિણમતો જ નથી પણ નિમિત્ત કયાંથી થાય? પરિણમે તો નિમિત્ત થાય. અપરિણામી હોય તે નિમિત્ત થાય? અને પરિણામમાં નિમિત્ત છે તો એક સમય પૂરતો છે. એટલે એ નિરાંત છે એક સમય પૂરતો બીજે સમયે છૂટી જાય છે. સંસારનો અભાવ થયો. શું થયું? આહાહા! સમયવર્તી નિમિત્ત-નૈમિત્તિક છે, ત્રિકાળવર્તી નથી. પર્યાયની સાથે સમયવર્તી છે.

મુમુક્ષુ :- બાજી હાથમાં છે.

ઉત્તર :- બાજી હાથમાં છે. હું નિમિત્ત નથી ત્યાં પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો.

મુમુક્ષુ :- અને એકવાર છૂટયો તે છૂટી જ ગયો.

ઉત્તર :- આહાહા! એક જ્ઞાયક જ્ઞાનાનંદ પરમાત્મા દેખાણો અંદર.

મુમુક્ષુ :- આહાહા! બિલકુલ બરાબર વાત. એમાં લખ્યું છે, નિમિત્ત-નૈમિત્તિકનો અભાવ થાય છે. એ રીતે અભાવ થાય છે.

ઉત્તર :- અભાવ થાય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયનો હતો છૂટી ગયો.

મુમુક્ષુ :- જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર ઊભો થયો.

ઉત્તર :- જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર ઊભો થયો. અહીં નિશ્ચય ઊભો થયો, ત્યાં વ્યવહાર ઊભો થયો. અહીંયા જ્ઞાતા-જ્ઞેયનો નિશ્ચય ઊભો થયો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જેવો છૂટયો એટલે જ્ઞાન અંતર્મુખ થયું અને અભેદ આત્માનું નિશ્ચયથી જ્ઞાન થયું ત્યારે પરની સાથે નિશ્ચયપૂર્વકનો જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર ઊભો થાય છે. આહાહા! કોઇ કાળે પણ આત્માની સાથે કર્મને જૂના કર્મને કે નવા કર્મને, જૂના કર્મના ઉદય આવે તેને અને નવા કર્મ બંધાય તેને કર્મની સાથે

ભગવાન આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થયો નથી (અને) થવાનો નથી કોઇ કાળે. અને જેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થાય છે તે છૂટી જાય છે. કેમકે સમયવર્તી પરિણામ છે.

જો પર્યાય સમયવર્તી ન હોત તો સંબંધ ન છૂટત. ધ્યાન રાખજો. પર્યાય સમયવર્તી છે. શ્રધ્ધાની પર્યાયમાં વિપરીતતા આવી એક સમય, મિથ્યાત્વથી દર્શનમોહમાં જોડાણો પણ સમયવર્તી છે. બીજી સમયે અરે! હું તો જ્ઞાયક. હું નિમિત્ત નથી. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કયાં સુધી હતો? આત્મા નિમિત્ત નથી છતાં આત્માને નિમિત્ત બનાવતો તો માનતો હતો ત્યાં સુધી મિથ્યાત્વ હતું. હું નિમિત્ત નથી. ત્યાં આ ભજીયામાં, ભજીયાનો વિચાર આવ્યો, ભજીયું એણે મુકયું, આહાહા! તત્ક્ષણ વિચાર આવ્યો કે સંધ્યાનો આત્મા, આહાહા! આ ક્રિયામાં નિમિત્ત નથી, હોં! સંધ્યાનો આત્મા એટલે કોઈનો પણ આત્મા, કોઇનો આત્મા નિમિત્ત નથી પરની ક્રિયા માં. આત્માની વાત છે ને આ તો? આ તો પ્રસંગ હતો અને ભજીયું મુકયું શું ને વિચાર આવ્યો શું? હોં! અરે! આહાહા! આત્મા આમાં નિમિત્ત નથી, હોં! ચમચો નિમિત્ત છે કહો. પરને પર નિમિત્ત છે કહો, આ શરીરની આંગળી નિમિત્ત છે, (તેમ) કહો તો કહો પણ ભગવાન આત્મા નિમિત્ત નથી. જો આત્મા નિમિત્ત હોય તો બધા જ્ઞેયોની સાથે એકતા થઇ જાય છે. કર્તા બની જાય છે આત્મા. આત્મા તો જ્ઞાતા છે.

મુમુક્ષુ :- કર્તા બને તો જડ થઇ જાય.

ઉત્તર :- જડ થઇ જાય. એ તો બનતો નથી.

મુમુક્ષુ :- આત્મા નિમિત્ત થતો નથી.

ઉત્તર:- આત્મામાં નિમિત્તપણું નથી. જીવ જૂનામાં જોડાતો નથી ને નવાને નિમિત્ત થતો જ નથી. આહાહા! એવો સ્વભાવ બધા આત્માનો છે. એ આત્મા દષ્ટિમાં જેને આવે તેને અનુભવ થઇ જાય ને સમયવર્તી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી જાય ને સમયવર્તી જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ પરની સાથે અને ત્રિકાળવર્તી સ્વની સાથે થઇ જાય.

મુમુક્ષુ :- વાહ! પોતાની સાથે ત્રિકાળવર્તી તેની સાથે સમયવર્તી. પરની સાથે નિમિત્ત-નૈમિત્તિક પણ સમયવર્તી અને જ્ઞાતા-જ્ઞેય પણ સમયવર્તી.

ઉત્તર :- સમયવર્તી, એને મારી સાથે ત્રિકાળવર્તી. આહાહા! એ છૂટે નહીં કોઈ દિ'. જ્ઞાન જ્ઞાયકને જાણ્યા જ કરે તન્મય થઈને. આહાહા!

મુમુક્ષુ :- અમૃત વરસે છે.

ઉત્તર:- આહાહા! આખો આત્મા જુદો પડી ગયો, હોં! જુદો જ છે. એ આના ઉપરથી વિચાર આવ્યો. અહીંથી વિચાર ઊભો થયો. કે **અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક**, આત્માથી નૈમિત્તિક નથી થતું એમ

મુમુક્ષુ :- અન્ય દ્રવ્યોથી થતા નૈમિત્તિક.

ઉત્તર :- હં....એનાથી જુદો આત્મા છે. એને તું એકરૂપ દેખ આહાહા!

મુમુક્ષુ :- અમૃતચંદ્રઆચાર્યનો કળશ અમૃતચંદ્રઆચાર્ય થઇને જો સ્વાધ્યાય થાય ત્યારે....

ઉત્તર :- ત્યારે તેનું રહસ્ય ખ્યાલમાં આવે તેના પેટમાં આપણે ઘુસી જાય કે, આપ શું કહેવા માગો છો. અરે! આ આત્મા! આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જૂના કે નવાની સાથે નથી. નોકર્મની સાથે તો વાત અલગ છે. એ તો વાત જુદી છે. નોકર્મ તો આખી ભિન્ન વસ્તુ છે. પણ અંતરંગમાં જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નિયમરૂપ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જેને કહેવાય, મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું, નોકર્મની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નિયમરૂપ નથી. કેમકે વિગ્રહગતિમાં નોકર્મ નથી. એ ન્યાય આપ્યો. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જે છે, મારી સાથે નથી, હોં! મને રહેવા દેજો. આહાહા!

હું તો જુદો છું આત્મા જ્ઞાયક છું. હું તો જ્ઞાનમય આત્મા, જ્ઞાનમય આત્મા, જ્ઞાનમય આત્મા કર્મમાં જોડાય અને નવા કર્મના બંધમાં નિમિત્ત થાય? ત્રણકાળમાં બને નહીં. આહાહા!

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમયવર્તી છે.

ઉત્તર :- સમયવર્તી છે. આહાહા!

મુમુક્ષુ :- આત્માની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહીં.

ઉત્તર :- એક સમય પૂરતો પણ નથી.

મુમુક્ષુ :- એક સમય પૂરતો થાય તો સવ સમય પૂરતો થઇ જાય.

ઉત્તર :- થઇ જાય. ખલાસ! તો તો કોઇ દિ' કોઇને સમ્યગ્દર્શન પણ ન થાય. આહાહા! છે ઝીણી વાત જરા! અભ્યાસ હોય ને બહુ મજા આવે.

મુમુક્ષુ :- દેવલાલીમાં તમે લીધું હતું કે પર્યાયની સાથે પણ કદાચિત છે કથંચિત નથી

ઉત્તર:- હા.. કદાચિત છે. સમયવર્તી છે. અનિત્ય. તેમાં લખ્યું છે અનિત્ય યોગ અને ઉપયોગ. અનિત્ય શબ્દ વાપર્યો છે, હોં! હા, એક સમયવર્તી છે. અને તે સમયવર્તી જે થાય છે તેને પોતાનું સ્વરૂપ માને છે તો અજ્ઞાન અને હું નિમિત્ત નથી ત્યાં સમયવર્તીપણું છૂટી જાય છે. અને જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ શરૂ થઇ જાય છે.

નિમિત્ત-નૈમિત્તિકને બદલે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર કર્મની સાથે ઊભો થયો. અહીંયા અભેદ અને ત્યાં ભેદ. અહીં નિશ્ચય જ્ઞાતા-જ્ઞેય. અનુભવના કાળે નિશ્ચય જ્ઞાતા-જ્ઞેય થઇ ગયો ને? આહાહા! ત્યારે ઓની સાથે નિમિત્ત-નૈમિત્તિક? તો કહે ના. હવે શું થયું? જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર. જ્ઞેય થઇ ગયું. હવે નિમિત્ત કયાં રહ્યું? આહાહા! એ તો જ્ઞેય છે. જૂના કર્મનો ઉદય જ્ઞેય છે. હવે નિમિત્ત નથી. કારણ કે અહીં નૈમિત્તિકનો અભાવ છે. અજ્ઞાનનો અભાવ એટલે નૈમિત્તિકનો અભાવ. અહીંયા અજ્ઞાનને નિમિત્ત-નૈમિત્તિક કહેવાય. ઓલા અસ્થિરતાના રાગની વાત નથી. જો વખત થઈ ગયો. આહાહા! દસને વીસ થઇ ગઇ. ઓહો! સારું ચાલ્યું હોં છેલ્લું. એકદમ.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક છૂટયું અંદરના જ્ઞાતા-જ્ઞેય પ્રગટ થયા. નિશ્ચય જ્ઞાતા-જ્ઞેય પ્રગટ થયા, વ્યવહાર જ્ઞાતા-જ્ઞેય ઓની સાથે છે.

ઉત્તર :- ઓની સાથે થઇ ગયો... સંસારનો અભાવ થઇ ગયો. અભાવ જ. સંસાર દેખાય જ નહીં. આહાહા!

મુમુક્ષુ :- આ ભગવાનની સામે સંસાર દેખાય?

ઉત્તર :- ન દેખાય, હો! પરિણામથી ભિન્ન જો આત્માને જુએને. એક જ ચાવી છે, બીજું કોઇ ચાવી છે જ નહીં. પરિણામથી ભિન્ન આત્માને દેખો તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહીં. પરિણામથી રહિત આત્માને દેખો. નવતત્ત્વથી ભિન્ન દેખો. બસ. આ ચાવી છે.

મુમુક્ષુ :- ખરેખર ભાઇ! પરિણામથી ભિન્ન દેખે તો પરિણામની સાથે નિમિત્ત-નૈમિત્તિક હતો તે પણ ખલાસ થઇ ગયા.

ઉત્તર :- ખલાસ થઇ ગયા. ખલાસ થઇ ગયા ને? દષ્ટિ અંદરમાં આવી ગઈ. એ તો જ્ઞાયકને જુએ છે. બહિર્મુખ હોય તો નિમિત્ત-નૈમિત્તિક. અંતરમુખ થયો તો નિમિત્ત-નૈમિત્તિક પર્યાયની સાથે નથી. દ્રવ્યની સાથે નહોતો. એવા દ્રવ્યને જોયું તો પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો ને પર્યાયની સાથે જ્ઞાતા-જ્ઞેયનું અભેદપણું અહીં થયું. તો વ્યવહાર જ્ઞાતા-જ્ઞેય પરની સાથે છે, બસ.

મુમુક્ષુ :- એ પણ પર્યાયનો.

ઉત્તર - પર્યાયનો, હોં! હા. મને બોલાવતા નહીં. મને ભેળવતા નહીં. મારામાં ક્રિયાનો જ અભાવ છે. હું તો નિષ્ક્રિય છું. હું તો પર્યાયનો વિષય થાઉં છું. હું પર્યાયનો વિષય બનું છું. પર્યાય મને વિષય બનાવે છે તો પર્યાયનયનો વિષય બનું છું એમ કહેવું પડે છે. બાકી હું તો છું એ છું. આહાહા!

મુમુક્ષુ :- સોગાનીજીએ એક વાર કહ્યું "આત્મા અંધા હૈ". સુરેશભાઇએ પૂછયું અંધા હૈ એટલે શું? જોવાની ક્રિયાનો અભાવ છે. આહાહા!

ઉત્તર :- એ વાત આવી ગઇ છે.

મુમુક્ષુ :- જે આપ કહો છો એ જ વાત. અંધા હૈ કહીને પછી ખુબ હસ્યા. અંધા એટલે જાણવાની-દેખવાની ક્રિયાનો અભાવ છે.

ઉત્તર :- રાગનો તો અભાવ પણ જાણવા-દેખવાની ક્રિયા (નો પણ અભાવ છે.) નિષ્ક્રિય છે ને? નિષ્ક્રિય કોને કહે? તમે ક્રિયાને સ્થાપશો તો નિષ્ક્રિય રહ્યો કયાં? તો તો પર્યાયથી સહિત તમે લીધું. જ્ઞાનની પર્યાયથી સહિત લીધું.

મુમુક્ષુ :-તો તો નિમિત્ત-નૈમિત્તિક મને છૂટયો એમ આવશે.

ઉત્તર :- એમ છે નહીં. પર્યાયમાત્રથી ભિન્ન છે ને, પછી શું? કેવળજ્ઞાનથી ભિન્ન છે પછી હવે મતિ-શ્રુતની પર્યાયથી ક્રિયા થાય એમ કયાં ...... એમાં નથી. આહાહા! એમાં નથી.

મુમુક્ષ - ઉપયોગથી માંડીને કેવળજ્ઞાન સુધીની પર્યાયનો અભાવ છે.

ઉત્તર :- અભાવ છે. ચાલો બહુ સરસ સ્વાધ્યાય થઇ ગયો. આહાહા! કર્તા નથી નિમિત્તમાત્ર છે. છૂટી જાય છે.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ સમયવર્તી છે. ત્રિકાળવાર્તા નથી. એ પણ પર્યાયની સાથે. મારી સાથે નથી.

ઉત્તર:- મારી સાથે તો એક સમય પૂરતો પણ નથી. એવું જોર આવતા ઓલું નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક પર્યાયનું છૂટી જાય છે, અને જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ નવો પ્રગટ થઇ જાય છે. આહાહા! હેં?

મુમુક્ષુ :- પછી તે જ રહ્યા કરે છે.

મુમુક્ષુ :- ઓલું છૂટી જાય છે અને એ પ્રગટ થઈને રહી જાય છે.

ઉત્તર :- રહી જાય છે. એ તો રહી જાય ને, એ કયાં જાય? એ તો જ્ઞાન જાણ્યા જ કરે ને અંતર્મુખ થઈને. એ બતાવ્યું હતું તમને બધુ. પ્રમત-અપ્રમતથી રહિત કહ્યું પણ અસ્તિત્વગુણથી કયાં રહિત છે? અસ્તિત્વની પર્યાય તો છે ને? વસ્તુત્વની પર્યાય તો છે ને? એમ કોઇ કાઢે, સમજી ગયા? આહાહા! પછી અગુરુલઘુગુણ, આણે (કહ્યું) અગુરુલઘુગુણથી રહિત પછી કહે અસ્તિત્વગુણની પર્યાય તો છે કે નહીં? તો કહે ના ઉત્પાદવ્યયથી રહિત, આહાહા! સુપ્રિમ કોર્ટનો ફેંસલો.

મુમુક્ષુ :- આહ! આવું સ્પષ્ટીકરણ કોણ કરે? બહુ સ્પષ્ટ.

ઉત્તર:- શરૂ થયું હતું ભજીયા ઉપરથી, ભજીયા ઉપરથી શરૂ થયું હતું આજે. ભજીયામાં આનો આત્મા તો નિમિત્ત છે ને? હેં? આહાહા! નિમિત્ત તો પર છે. પર નિમિત્ત હોવા છતાં હું નિમિત્ત છું એમ જે માને છે એ અજ્ઞાની થઈ જાય છે. એ જે એકતા થઇ ગઇ ચમચાની સાથે, હાથની સાથે, સમજાણું? નિમિત્ત બીજું હતું હું તો જાણનાર હતો. જાણનાર કોઇ દિ' નિમિત્ત થાય નહીં. કોઇ કાળે ન થાય.

મુમુક્ષુ :- માને તોપણ ન થાય.

ઉત્તર :- માને તોપણ ન થાય. તેમ છતાં માન્યું, માન્યું તો શું થયું? જ્ઞેયની સાથે તેને એકતા થઇ ગઇ. એ વિચારો આવતા હતા. નીચે પણ એ વિચારો થોડાક ભાઇને પણ આવયા હતા. સરસ હતા તે (વિચાર). ભજીયાનો પણ વિચાર કરે તો આત્મજ્ઞાન થઇ જાય. ભજીયાના કટકા કોણે કર્યા? ભલે તેના ઉપાદાનથી થયું, પણ નિમિત્ત કોણ? કોણ નિમિત્ત? અરે! સંધ્યાબેન નિમિત્ત? નહીં હોં! આહાહા! આત્મા નિમિત્ત ન હોય. સો વાતની એક વાત. કોઇ પણ

આત્મા, સંધ્યાનો આત્મા હોય કે મીઠાભાઇનો આત્મા હોય. આત્મા નિમિત્ત ન હોય. આત્મામાં નિમિત્ત થવાની શકિત જ નથી. અસમર્થપણું છે, સામર્થ્ય જ નથી. આ પછવાડે શિલાલેખ છે, બીજું પછવાડે છે શું છે? કન્નડ ભાષા છે? બધી?

ॐ